| PUBLICATION NAME : | Divya Gujarat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 25/07/2023 |
| PAGE : | 2 |

રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર ડેવલપિંગ કંટ્રીઝ (RIS)ના સહયોગમાં ઈડીઆઈઆઈએ ફ્યુચર ઓફ વર્ક

# ઈન્ડસ્ટ્રી ૪.૦, ઈનોવેશન અને ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચ્યુરી સ્કીલ પર ૩૨૦ ઈન્ડિયા બ્રેઈનસ્ટોર્મિંગ સેશનનું આયોજન કર્યું



યુવાનોને જોડવાના અને ભારતની ૪૨૦ પ્રેસિડેન્સીમાં તેમની સક્રિય ભાગીદારી મેળવવાના પ્રયાસોના ભાગરૂપે, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર ડેવલપિંગ કંટ્રીઝ (ઈંજી)ના સહયોગમાં ફ્યુચર ઓફ વર્ક: ઈન્ડસ્ટ્રી ૪.૦, ઈનોવેશન અને ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચ્યુરી સ્કીલ પર ૩૨૦ ઈન્ડિયા બ્રેઈનસ્ટોર્મિંગ સત્રનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ યુવાનોને અર્થપૂર્ણ ચર્ચાઓ, જ્ઞાનના આદાન-પ્રદાન અને વિવિધતા તથા સમાવેશ પર હિમાયત માટે એક મંચ આપવા માટે અને તેઓને આ હેતુ પ્રત્યે માહિતગાર બનાવવા તથા અપડેટેડ માહિતી અને જ્ઞાન વડે તેમને સશક્ત કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો.